સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

'રંગભેદ' નામે માનવતાનાં આંસુ સારી ગયા!
એમ કહી હિંદુ-મુસ્લિમના વિવાદે ડારી ગયા!
ચારી ગયા સ્વાર્થનું ઘણ, બામણીના ખેતરમાં -
'ઘર વાપસી', 'હિંદુત્વ'ની પાંચ શેરી મારી ગયા!

છે બોલીવૂડી
'અભિનય સમ્રાટ' -
ઓળખી ગયા?!

બનાવે 'બાબુ' -
'જિનપિંગ'ની જેમ -
બરાક પણ..

(વેશપલ્ટા!!) (સુરક્ષા નામે કરોડોનો કડદો)

ચિંતન

વહ્નિ જવાલેવ ગૃહિણી રક્ષણીયા પ્રયત્નઃ ।
વૃદ્ધિશ્ચક્ષિણા વિકારાભ્ય સ્વાશ્રયક્ષેમ મિચ્છતા ॥

'પોતાની સુખ-શાંતિ માટે, કે ઘર-કુટુંબ-પરિવારની સુરક્ષિતા-બાંધી મુઠ્ઠી, કુળ મર્યાદા સચવાઇ રહે એટલા માટે પણ વડીલે પોતાના ઘરની 'ગૃહિણી'ના વિકારો-દોષો, દિવસો-દિવસ વધે કે ઘટે છતાં પણ, તેના પર સતત સાવધ રહી, ધ્યાન રાખતા રહીને, અગ્નિની જવાલાઓની જેમ તેનું પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું જોઇએ' જેમ હોળી કે શિયાળામાં તાપણીના તાપનું સેવન-સાચવીને કરીએ છીએ એમ.

સ્ત્રી-ગૃહિણી-પત્નીનો સ્વભાવ ભલે ગમે તેવો કચકચીયો-ઝગડાડુ-ખણખોદીઓ-વાંકદેખો-વહેમી-શંકાશીલ હોય છતાં પણ પતિ-ઘરના વડીલે-આવી સ્ત્રીના વર્તન પર સતત સાવધ રહી-નજર રાખી-તેનું રક્ષણ કરવું જોઇએ. જેથી એને પોતાના સ્વભાવને કારણે ખૂદને કે પરિવારને વધારે નૂકશાન ન થાય - અને ઘરમાં સુખશાંતિ જળવાઇ રહે.

ટૂંકમાં ઘરના વડીલે-વર્તણૂકવાળા લોકોની ઉપર સાવધ રહી-નજર રાખી તેમને સહન કરવા અને પરિવારમાં સુખ-શાંતિ ટકાવી રાખવા પ્રયત્ન કરવો.

સુવિચાર

- અણીને ટાંકણે ઉપકાર તો કરો કિન્તુ, તરત બીજી પળે ઉપકાર વીસરતાં શીખો - દલપતરામ
- જીવનનાં તોફાનમાં કેટલાક તૂટી પડે છે ને કેટલાક તેને પરાસ્ત કરીને વિક્રમો તોડે છે! હારનારા અને જીતનારાનો ભેદ તેમાં જ સમાયેલો છે - બકુલ બક્ષી
- આપકી કિંમત તબ તક હૈ, જબ તક.. આપ કે પાસ ઐસા કુછ હૈ, જો પૈસો સે ખરીદા ના જા સકે - રાજકુમાર
- દરેક વ્યક્તિનું જીવન એક અયોધ્યા છે, તેમાં 'રામ-રાજય' સ્થપાવું જોઇએ- બોધિવૃક્ષ
- જરા ધ્યાનથી વિચારો.. જો વસ્તુ ખરાબ જ હોય તો તે છોડવામાં ત્યાગ કેવો? - ડોંગરેજી
- ભગવાન તો આનંદ સ્વરૂપ છે... તમારા વાણી વર્તન એવા બનાવો કે બધે આનંદ પ્રવર્તે - એસ. ભટ્ટાચાર્ય
- અશાંતિ ના મૂળમાં કોઇ ઇચ્છા કે આગ્રહ છૂપાયેલો છે.. માટે દુરાગ્રહ છોડો શાંતિ મળશે - કાંતિ ભટ્ટ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજના સંતો-બાબા-બાપુઓ વિશાળ આશ્રમોની દૂકાન ખોલી, ધર્મનો ધંધો ચલાવે છે. કૌભાંડ-લીલાઓ તેમનો સાઇડ બિઝનેશ છે. એમને રાષ્ટ્ર-દેશપ્રેમની તો પડી જ નથી હોતી. બીજા કોઇ વેપારીની દૂકાન (જલારામ-સાંઇરામ) સારી ચાલતી હોય તો એને બંધ કરાવવા માત્ર ખટપટો શરૂ કરે...

સ્વામી દયાનંદ સરસ્વતી - આર્યસમાજના સ્થાપક-એકવાર દ્વારકાથી હરદ્વાર કુંભમેળામાં જવા (૧૮૫૫) પદયાત્રા શરૂ કરી. રસ્તામાં ગામે ગામ જોયું. પ્રજા-ખેડૂતો-અંગ્રેજોના ત્રાસથી ખૂબ ગ્રસ્ત અને દુખી હતાં. બધાં ગુપ્ત રીતે અંગ્રેજી સલ્તનતથી બચાવવા તેમને પ્રાર્થના-વિનંતી કરતા હતા.

ત્યાર પછી સ્વામી દયાનંદ સરસ્વતીએ પોતાના વ્યાખ્યાનોમાં અંગ્રેજો સામે જનજાગૃતિનું મિશન લઇ-પ્રચાર-સત્સંગ સભાઓ કરવા લાગ્યા.

અંગ્રેજ પોલીસોના કાન તો સતેજ જ હતા. સરકારને જાણ કરી, 'એક સ્વામી અંગ્રેજ સરકાર વિરુદ્ધ પ્રજાને ઉશ્કેરાવાનું કામ કરે છે.'

પછી બસ સરકાર તેના પર નજર રાખી એમને હેરાન-પરેશાન કરવા લાગી. ખૂબ ખટપટો કરી. એટલે સુધી કે તેમને ઝેર દઇ મારી નાખવાના પ્રયત્નો પણ થયા...

Email - sureshchandrabhatt18@gmail.com

ભારતનાં હરિયાળી ક્રાંતિના જનક કોણ ગણાય છે?

વ્યક્તિ વિશેષ

(૧) કયો મુગલ બાદશાહ એક શ્રેષ્ઠ પક્ષીવિદ હતો?
(અ) ઔરંગઝેબ (બ) જહાંગીર
(ક) અકબર (ડ) શાહજહાં

(૨) સંસ્કૃત સાહિત્યકારો - બાણભટ્ટ અને મયૂરને કોણ રાજયાશ્રય આપ્યો હતો?
(અ) હર્ષવર્ધન (બ) સમ્રાટ અશોક
(ક) સમુદ્રગુપ્ત (ડ) ચંદ્રગુપ્ત

(૩) ભારતના 'ગ્લેસ્ટન' તરીકે કોણ ઓળખાય છે?
(અ) બંકિમચંદ્ર (બ) લાલા લજપતરાય
(ક) સુરેન્દ્રનાથ બેનરજી (ડ) મદનમોહન માલવિયા

(૪) યુનોની મહાસમિતિનાં પ્રથમ મહિલા પ્રમુખનું બહુમાન કોને ફાળે જાય છે?
(અ) વિજયાલક્ષ્મી પંડિત (બ) સરોજની નાયડુ
(ક) ઇન્દિરા ગાંધી (ડ) લક્ષ્મી સહગલ

(૫) 'સમગ્ર ક્રાંતિ' નો નારો કોણે આપ્યો હતો?
(અ) વિનોબા ભાવે (બ) કિસનસિંહ
(ક) રવિશંકર મહારાજ (ડ) જયપ્રકાશ નારાયણ

(૬) સલીમ શાહ ચિશ્તીની દરગાહ કયાં આવેલી છે?
(અ) દિલ્હી (બ) ફતેહપુર સિક્રી
(ક) આગ્રા (ડ) જયપુર

(૭) મુનીશ્રી જિનવિજયજીનું મૂળ નામ શું છે?
(અ) કિસનસિંહ (બ) રમનસિંહ
(ક) બાસવેશ્વર (ડ) જ્ઞાનદેવ

(૮) હિન્દુસ્તાની સંગીતના જનક તરીકે કોણ ઓળખાય છે.?
(અ) પંડિત વૈજનાથ મિશ્ર (બ) પંડિત ભોજનાથ
(ક) ગુરુ નારાયણ (ડ) તાનસેન

(૯) ભારતનાં હરિયાળી ક્રાંતિના જનક કોણ ગણાય છે?
(અ) ઝવેરભાઇ પટેલ (બ) ડૉ. વિધાનચંદ્ર રાય
(ક) એમ.એસ. સ્વામીનાથન (ડ) બિન્દેશ્વર પાઠક

(૧૦) ભારતનાં શલ્ય ચિકિત્સાના નજક કોણ ગણાય છે?
(અ) સુશ્રૂત (બ) ચરક
(ક) નાગાર્જુન (ડ) શૈલ્ય

(૧૧) બિરબલ સાહનીનું નામ કયા ક્ષેત્રે જાણીતું છે?
(અ) ભૌતિકશાસ્ત્ર (બ) રસાયણશાસ્ત્ર
(ક) અવકાશ વિજ્ઞાન (ડ) વનસ્પતિશાસ્ત્ર

(૧૨) ભારતમાં સૌ પ્રથમ 'રસશાળા'ની સ્થાપના કરનાર આયુર્વેદાચાર્ય કોણ હતા?
(અ) ઝંડુ ભટ્ટજી (બ) જમનાલાલ બજાજ
(ક) ચરક (ડ) બાબા રામદેવ

(૧૩) સદાચાર સમિતિની સ્થાપના કોણે કરી હતી?
(અ) વિનોબાભાવે (બ) લાલ બહાદુર શાસ્ત્રી
(ક) ગુલઝારી લાલ નંદા (ડ) નાના ફડનવીસ

(૧૪) ભારતના પ્રથમ મહિલા સાંસદ કોણ છે?
(અ) રાધાબાઇ સુબારાયન (બ) ઇન્દિરા ગાંધી
(ક) સરોજીની નાયડુ (ડ) શંકુતલા દેવી

(૧૫) સુભાષચંદ્ર બોઝ કોને પોતાના ગુરુ માનતા હતા?
(અ) ગાંધીજી (બ) ચિત્તરંજનદાસ
(ક) વિવેકાનંદ (ડ) લજપતરાય

ખજાનો
- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૩૦ જાન્યુ. ૧૯૨૯ રોર્જર એન. શેફર્ડ - તેઓ અમેરીકન સાયકોલોજીસ્ટ છે, ૧૯૯૫માં નેશનલ મેડલ ઓફ સાયન્સ વિજેતા.
- ૩૦ જાન્યુ. ૧૯૨૫ ડોઉગ એન્ગલબર્ટ - તેઓ અમેરીકન ઇલેકટ્રીક એન્જી.તથા કોમ્પ્યુટર માઉસના શોધક
- ૩૧ જાન્યુ. ૧૯૨૯ રૂડોલ્ફ લોડવીંગ મોસબર - તેઓ જર્મન ભૌતિકશાસ્ત્રી છે, ૧૯૬૧માં ગામા-કિરણઓ પર સંશોધન માટે નોબલ પ્રાઇઝ મળ્યું
- ૩૧ જાન્યુ. ૧૯૦૨ જુલીયન એચ. સ્ટેવર્ડ - અમેરીકન એન્થ્રોપોલોજીસ્ટ, ૨૦મી સદીના જાણીતા ન્યુરોલોજીસ્ટ
- ૧ ફેબ્રુ. ૧૯૦૫ લોઇડ વાઇલ બેરકનર - અમેરીકન ભૌતિકશાસ્ત્રી, આયનોસ્ફીયરની ઊંચાઇ અને ડેન્સીટી માપનાર વૈજ્ઞાનિક
- ૧ ફેબ્રુ. ૧૯૦૫ એમીલો સેર્જ - ઇટાલિયન - અમેરીકન ભૌતિક વૈજ્ઞાનિક, ૧૯૫૯માં 'એન્ટીપ્રોટોન' શોધ બદલ નોબલ પ્રાઇઝ મળ્યું હતું
- ૨ ફેબ્રુ. ૧૯૨૬ ફેડરીક ઠાવલર - અમેરીકન ફીજીઓલોજીસ્ટ 'કાર્ડીક ઇલેકટ્રીફીઝીયોલોજી'ના સંસ્થાપક
- ૨ ફેબ્રુ. ૧૮૬૯ ચાર્લ્સ મનીંગ ચીલ્ડ - અમેરીકન જુઓલોજીસ્ટ તેમણે એનીમલ ઓર્ગન પર વિશેષ સંશોધનો કર્યા.
- ૩ ફેબ્રુ. ૧૯૨૦ જયોર્જ એ મીલર, અમેરીકન ફીજીઓલોજીસ્ટ, તેઓ મોર્ડન સાયકોલોજીના પિતા કહેવાય છે
- ૩ ફેબ્રુ. ૧૯૧૨ જેકબ સૌસ્ટેલ - તેઓ ફ્રેન્ચ એન્થ્રોપોલોજીસ્ટ હતા.
- ૪ ફેબ્રુ. ૧૯૨૭ રોલ્ફ વિલિયમ લેન્ડર - તેઓ જર્મનીમાં જન્મેલાં - અમેરીકન ભૌતિકશાસ્ત્રી હતા, કોમ્પ્યુટરમાં વપરાતી ઉર્જા સંબંધિત સંશોધન કરનાર
- ૪ ફેબ્રુ. ૧૯૨૫ સર એરીક ક્રિસ્ટોફર જિમાન - તેઓ એક ઇંગ્લીશ મેથેમેટીશીયન છે, તેઓ જાપાનમાં જન્મેલા પણ ઇંગ્લેન્ડમાં કામ કર્યું.
- ૫ ફેબ્રુ. ૧૯૧૫ રોબર્ટ હોફસ્ટર્ડ - અમેરીકન સાયન્ટીસ્ટ, ૧૯૬૧માં ન્યૂટ્રોન - પ્રોટ્રોનનું કદ માપવા
- ૫ ફેબ્રુ. ૧૯૧૪ સર એલન હોલકીંગ - તેઓ ઇંગ્લીશ ફીજીઓલોજીસ્ટ અને બાયોલોજીસ્ટ હતા. ૧૯૬૩માં નોબલ પારિતોષિક વિજેતા

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - ભાજપના ઉમેદવાર અને દિલ્હીના આગામી સંભવિત મુખ્યમંત્રી તરીકે જાહેર કરેલ કિરણ બેદી કઇ સાલમાં આઇ.પી.એસ. થયા હતા?

જવાબ - ઇ.સ. ૧૯૭૨

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) નટુભાઇ દરજી : પેથાપુર
(૨) ઋજિત એન. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) મહેશ એમ. જાદવ : ગૂજવિદ્યાપીઠ, અમદાવાદ
(૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) મૂળજીભાઇ પરમાર 'દધિ' - સે-૭
(૬) ગોમતીબેન કનુભાઇ પરમાર - સે-૨ડી

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

અન્ના હજારેએ પોતાના વતનમાં કયા ગામને આદર્શ ગામ બનાવ્યું છે?

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૫૩ (૫૬) ૫૯ (૯૬) ૬ (૯૬) ૫૯ (૮૬) ૬ (૬૬)
૫૯ (૦૬) ૬ (૭) ૬ (૭) ૫૯ (૭) ૫૩ (૩) ૬ (૫) ૫૯ (૯) ૬ (૬) ૫૯ (૮) ૫૩ (૬)

હે રામ, એટલા માટે કે તે બોલતાં કાંઇ અજૂગતું બની જાય તો ઇતિહાસમાં તમે અમર બની જાઓ! કારણ કે ગાંધીજીના પણ છેલ્લા શબ્દો હતા - 'હે રામ!'

હળવાશની ક્ષણોમાં! છેલ્લા શબ્દો!

- ચિત્રસેન શાહ

ગાંધીજીને ગમતું પ્રિય ભજન "વૈષ્ણવજન તો તેને રે કહીએ...." જેમ વારંવાર સાંભળવું ગમે તે જ રીતે કેટલાક જોક્સ વારંવાર સાંભળવા તેમજ સંભળાવવા ગમે તેવા 'સ્ટાર' ક્લોલિટીના હોય છે! એવો એક જોક આ રહ્યો (થોડા સુધારા સાથે!)

(આ જોક્સ અમારા એક મિત્ર પ્રસિદ્ધ હાસ્યલેખક રતિલાલ બોરીસાગર દ્વારા કહેવાયેલો અને તેમનાં કહેવા પ્રમાણે એ જોક અમારા બીજા હાસ્યલેખક નિરંજન ત્રિવેદી દ્વારા કહેવાયેલો છે!)

હાર્ટના એક પેશન્ટને તપાસી ડોકટરે પેશન્ટને કહ્યું કે - 'હાર્ટનો એક ફાઇનલ - 'લિટમસ ટેસ્ટ' લઇ લઇએ!'

જુઓ, સામે પાંચ માળનું બિલ્ડીંગ દેખાય છે ને? તે બિલ્ડીંગના પગથિયાં ઝડપથી ચડીને પાંચમે માળે પહોંચી 'હે રામ!' બોલજો!

જો તમે ઉપર જઇ 'હે રામ' બોલી શકો તો તમારું હાર્ટ - 'સ્ટેઇનલેસ સ્ટીલ' જેવું બજબૂત!'

પેશન્ટે ડોકટરને પુછ્યું - 'હે રામ જ કેમ બોલવાનું?!'

ડોકટરે જવાબ આપ્યો - 'હે રામ, એટલા માટે કે તે બોલતાં કાંઇ અજૂગતું બની જાય તો ઇતિહાસમાં તમે અમર બની જાઓ! કારણ કે ગાંધીજીના પણ છેલ્લા શબ્દો હતા - 'હે રામ!'

આ જોક ખાસ તો અમને એટલા માટે યાદ આવ્યો કે ૩૦મી જાન્યુઆરીએ મહાત્માજીની પુણ્યતિથિ છે એટલે એ દિવસે સ્વાભાવિક રીતે જ તેમના છેલ્લા શબ્દો યાદ આવી જાય!

વળી બીજું પણ એક કારણ છે -

તાજેતરમાં જ ગાંધીનગરમાં 'વાયબ્રંટ ગુજરાત સમ્મીટ ૨૦૧૫' યોજાઇ ત્યારે 'ગાંધી કુટિર' પ્રદર્શન પણ ખુલ્લું મૂકાયું. ન્યૂઝ પેપરના રીપોર્ટ પ્રમાણે તેમાં ગાંધીજીનું એક બેહુદું શિલ્પ પણ મૂકવામાં આવેલ. શિલ્પ ને જોઇને કોઇનું પણ લોહી ઉકળી ઊઠે અને લાગ્યા વગર રહે નહીં કે શિલ્પકારની માનસિક વિકૃતિ શિલ્પ દ્વારા બહાર આવી છે!

માની લઇએ કે કલાકારને પોતાની કલા કોઇ પણ રીતે પ્રદર્શિત કરવાનો અધિકાર છે! તો તેણે પોતાની આવી 'બેહૂદી કલા'નું પ્રદ્રશન 'યુગપુરૂષ' દ્વારા કરવાને બદલે પોતાના 'પિતાશ્રી' અથવા બીજા કોઇ નજીકના માધ્યમ દ્વારા કરવું જોઇએ!

આ શિલ્પ જોઇને ગાંધીજીનો આત્મા સ્વર્ગમાં ફરીથી બોલી ઊઠશે - 'હે રામ!' જે તેમનાં છેલ્લા શબ્દો નહીં હોય પરંતુ પ્રથમ વાર બોલાયેલા શબ્દો હશે!

ઇચ્છીએ કે ન્યૂઝ પેપરના અહેવાલ પછી એ શિલ્પ હટાવાઇ ગયું હશે અને જો ન હટાવાયું હોય તો 'ગાંધી મિત્ર વર્તુળ' જેવા મંચે 'શિલ્પ સત્યાગ્રહ' ની કુટિરમાં 'શિલ્પ સત્યાગ્રહ!'

જાણીતા દિવંગત ચિત્રકાર એમ.એફ. હુસૈનને પણ હિન્દુ દેવી દેવતાઓના બેહૂદા પેઇન્ટીંગ બનાવવાનો શોખ હતો! તેમણે ક્યારેક પોતાના ધર્મના વડાઓ વિશે એવા પેન્ટીંગ્ઝ બનાવવાની હિંમત નો'તી કરી!

વિકૃત માનસિકતાને સહન કરી લેવાની આપણી માનસિકતાને શું કહેવાય - અસહિષ્ણુતા, કાયરતા કે જુસ્સા - ગુસ્સાનો અભાવ?! એ ન જ ચલાવાય - ખાસ કરીને હાલના સંજોગોમાં જયારે ફ્રેવરેવલ છે ત્યારે!

ગાંધીજી, ૧૯૨૦ પછી કોંગ્રેસના અધ્યક્ષ બન્યા પરંતુ કોંગ્રેસની સ્થાપના મૂળ એક અંગ્રેજ મિસ્ટર હ્યુમ દ્વારા ૨૮મી ડિસેમ્બર ૧૮૮૫ના રોજ મુંબઇની ગોકુલદાસ તેજપાલ કોલેજમાં થઇ હતી!

ગાંધીજીના જ મહત્તમ યોગદાન સાથે ૧૯૪૭માં અંગ્રેજોને ભારત છોડવું પડ્યું! એ કેવી વિધિની વિચિત્રતા!

આ લેખની શરૂઆત એક જોકથી થઇ હતી ચાલો હવે તેની પૂર્ણાહૂતી પણ એક જોકથી જ કરીએ!

હાલ શેરબજારમાં પણ 'મોદી વેવ' ચાલી રહ્યો છે! મુંબઇ શેરબજારનો 'સેન્સેક્સ' પણ હર્ષદ મહેતાના સમયમની જેમ નવા નવા 'સમ્મીટ' બનાવી રહ્યો છે!

અવા શેરબજાર અને હર્ષદમહેતા અંગેનો એક સરસ જોક હમણાં થોડા દિવસ પહેલાં જ એક મિલનમાં અમારા એક મિત્ર એ.વી. શાહ પાસેથી સાંભળ્યો!

તો વાંચો એ જોક! (થોડા સુધારા સાથે)

એક ગામમાં વાંદરાનો બહુ ત્રાસ હતો. લોકો વાંદરાથી ત્રાસી ગયા હતા. તે સમયે શેરબજારવાળા હર્ષદ મહેતા ત્યાં પહોંચી ગયા! (તે સમયે હર્ષદ મહેતા પારસમણી જેવા હતા! જે પણ શેર - ફાલતુમાં ફાલતું શેર કે વસ્તુ - ને હાથ લગાડે તે સોનું બની જતું!)

તેણે ગામમાં જાહેરાત કરી કે 'હું સો - સો રૂપિયામાં વાંદરા ખરીદવા માંગુ છું. જેટલા હોય તેટલા લઇ આવો!'

લોકો તો ખુશ થઇ ગયા. એક તો વાંદરાના ત્રાસમાંથી મુક્તિ મળશે અને ઉપરથી સો-સો રૂપિયા મળશે! બીજે જ દિવસે લોકોએ ગામના બધા જ વાંદરાને હર્ષદ મહેતાને વેંચી દીધા! ત્યારબાદ હર્ષદ મહેતાએ વાંદરાના પાંચ સો રૂપિયા આપવાનું જાહેર કર્યું અને તેથી આજુબાજુના ગામોમાંથી લોકો વાંદરા લાવી વેંચવા લાગ્યા! આ રીતે આખો જિલ્લો વાંદરાથી મુક્ત થઇ ગયો! જિલ્લામાં એકે વાંદરો બચ્યો નહીં!

તેના પાર્ટનરે એક જાયન્ટ સાઇઝના પાંજરામાં આ બધા વાંદરાઓ રાખ્યા! ત્યારબાદ હર્ષદ મહેતાએ ગામ લોકોને કહ્યું કે - 'અમેરીકામાં ક્લીનીકલ ટ્રાયલ માટે વાંદરાની બહુ જ ડિમાન્ડ છે! તેથી તે અંગે વાટાઘાટા કરવા હું અમેરીકા જાઉં છું. પંદર દિવસ પછી પાછો આવીશ ત્યારે તમે જો વાંદરા આપશો તો હું એક-એક હજારમાં ખરીદી લઇશ!'

હર્ષદ મહેતા પંદર દિવસ પછી આવવાનું કહીને ગામ છોડીને ગયા! બીજી બાજુ દશ-બાર દિવસ પછી તેના પાર્ટનરે નવસો-નવસો રૂપિયે વાંદરા વેંચવાનું શરૂ કર્યું! લોકોને થયું ચાલો ખરીદી લઇએં! બે-ત્રણ દિવસ પછી હર્ષદ મહેતા એક-એક હજારમાં ખરીદવાનો જ છે ને! લોકોએ વાંદરા ખરીદવા લાઇનો લગાવી દીધી!

હર્ષદ મહેતાના પાર્ટનર દ્વારા બધા જ વાંદરા વેચાઇ ગયા એટલે એ પણ ગામ છોડી ચાલ્યો ગયો! પંદર દિવસ થયા. હર્ષદ મેહતા કે તેનો પાર્ટનર કોઇ દેખાયા નહીં! ત્યારબાદ દિવસો - મહિનાઓ સુધી પણ બંનેમાંથી કોઇ દેખાયા નહીં! લોકો રાહ જોતા જ રહ્યાં!

હવે તો ગામના લોકોને આખા જિલ્લાના વાંદરાઓનો ત્રાસ વેઠવાનો વારો આવ્યો! ત્યારે નવસો-નવસો રૂપિયે વાંદરા લેનારાઓથી બોલી જવાયું - 'હે રામ!'

તમે જે પરિવર્તન લાવવા માંગો છો તો પહેલાં તમે કરો : ગાંધીજી

દાંડીના ગાંધી ડૉ. કાળુભાઇ ડાંગર

- પ્રા. ડૉ. હસમુખભાઇ દેસાઇ

ગુજરાતે વીસમી સદીમાં બે મહાન લોકનેતાઓ સમગ્ર વિશ્વને ભેટ આપ્યા, એક ગાંધીજી અને બીજા સરદાર પટેલ. આ જુગલ જોડીએ અંગ્રેજોની ગુલામીમાંથી દેશને છોડાવવા અથાગ પ્રયત્નો કર્યા અને છેલ્લે સફળતા પણ અપાવી. ગાંધી વિશે દેશ અને દુનિયા આજે આસક્ત છે. વિશ્વના નકશા પર સત્ય અને અહિંસાની તાતી જરૂરિયાત છે. દેશને અંગ્રેજોની હકૂમતમાંથી મુક્ત કરાવવા ગાંધી વિવિધ પ્રકારની લડતો ચલાવી. ૧૨મી માર્ચ ૧૯૩૦ના રોજ અમદાવાદ સાબરમતી આશ્રમથી દક્ષિણ ગુજરાતમાં દરિયા કિનારે આવેલા દાંડી ગામે મીઠાનાં ઉપર લાગેલા અમાનવીય અને બિનતર્કસંગત વેરાને દૂર કરવા ૭૮ સેવકો સાથી કૂચ (પદયાત્રા) કાઢી હતી. ૬ એપ્રિલ ૧૯૩૦ના રોજ દાંડી મુકામે ચપટી મીઠું ઉપાડી ગાંધીએ ના કરની લડતનો આરંભ કર્યો હતો. આ લખનારને રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) શિબિર (૬ થી ૧૨ જાન્યુ. ૨૦૧૫) દરમિયાન દાંડીમાં રહેવાનું સદભાગ્ય મળ્યું.

ગુજરાતના નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના નવસારીથી પશ્ચિમે ૧૬ કિ.મી. દૂર અરબી સાગરના કિનારે ૧૧૩૬ની વસતી ધરાવતું દાંડી ગામ ૯૦ ટકા બિનનિવાસી ભારતીય (એન.આર.આઇ)થી કિલ્લોલ કરે છે. ગામમાં રહેતી પ્રજાનો મોટો ભાગ પટેલ (કોળી) સમુદાયનો છે, જયારે ૨૫ કુટુંબો હળપતિ સમાજના છે. ગામની વસતીમાં મોટેભાગે ૫૦ વર્ષથી વધુ ઉંમરના જોવા મળે છે. કારણ કે બાકીના રોજગારી અર્થે પરદેશમાં છે, દર વર્ષે શિયાળામાં બે-એક માસ પરત પોતાના વતનમાં ફરવા તેમજ સામાજિક પ્રસંગોએ આવે છે. આ ઐતિહાસિક ગામમાં આઝાદી પછીથી આજ સુધી ગ્રામપંચાયતની ચૂંટણી થયેલી નથી.

ગામમાં જાહેર સંસ્થાઓ ગ્રામપંચાયત, ખેતી સેવા સહકારી મંડળી, રમતગમત મંડળ, દૂધમંડળી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, રાષ્ટ્રીયકૃત બેંક, રાધાકૃષ્ણનું ભવ્ય મંદિર, લોકભાગીદારીનાં પ્રતિક સમાં જોવા મળે છે. એક પ્રાથમિક શાળા (ધો-૧ થી ૮) તથા ૯ થી ૧૨ ની વિનયમંદિર માધ્યમિક શાળા ગામ તથા જિલ્લાના વિવિધ તાલુકાઓના બાળકોને શિક્ષણ આપવાનું કામ કરે છે. દાંડી વિનયમંદિર (૯ થી ૧૨ ધોરણ) ની રચના અને સંચાલન ગાંધીના રંગે રંગાયેલા ધીરુભાઇ પટેલ છેલ્લા ૪૪ વર્ષથી કરે છે. તેમના સાનિધ્યમાં પૂરા સાત દિવસ રહેવાનું મળ્યું એટલે તેમની કાર્યપદ્ધતિ અને આચરણ ગાંધીવિચારને બંધબેસતા જોવા મળ્યાં.

ગામમાં મૂળ મહત્ત્વનું સ્થળ ગાંધીની દાંડીકૂચનું સ્મારક શૈફી વિલા, પ્રાર્થના મંદિર છે. હજારોની સંખ્યામાં પ્રવાસીઓ આ સ્થળના દર્શને આવે છે. બીજું મહત્વનું રમણીય સ્થળ એટલે દાંડીના દરિયાનો કિનારો સૂર્યાસ્ત સમયે સુંદર લાગે છે. બીજું અજાણી બીબી, મજારે માય સાહેબાની કબર આવેલી છે. અહીં પણ રાજય તથા બીજા રાજયમાંથી રોજ દર્શનાર્થીઓ લકઝરી બસો અને મોટરકારોમાં આવે છે.

ગામજનોની એક બીજી ખાસિયત એ જોવા મળી કે શિબિરાર્થી ભાઇ-બહેનો જયારે ગામનું ઉત્તમ કામ, રસ્તા, સફાઇ, ગાંડા બાળવોની કાપણી, ઠેરઠેર મૂકેલી સિમેન્ટની મોટી મોટી કચરાપેટીઓની સફાઇ, ગાંધી સ્મારકની સફાઇ, બીચ સફાઇ વગેરે કામો કરતાં હોય પણ કોઇ કુટુંબના ભાઇ કે બહેન ચા તો દૂરની કહેવાય પણ પાણીનો પણ ભાવ પણ પૂછતા હોતા નથી. જો કે એવું જાણવા મળે છે કે, આ બધી અસર વિદેશી સંસ્કૃતિને આભારી છે. બીજાના કામમાં આપણે મારે શું? આવો ભાવ કદાચ મનમાં હોય! દાંડી ગામનું બીજું એક નજરાણું તે પ્રસિદ્ધ સાહિત્યકાર અને શ્રેષ્ઠ અનુવાદક મોહન દાંડીકર છે, પંચ્યાસી વર્ષની ઉંમરે પહોંચેલા મોહનભાઇ ગાંધી મૂલ્યોની જાળવણી અને પ્રચાર-પ્રસારનું કામ ગાંધીની કર્મભૂમિ અને તેમની જન્મભૂમિમાં કરી રહ્યા છે.

હવે હું મુળ વાત પર આવું, ગુજરાત ઇકોલોજી કમિશન (જી.ઇ.સી) અને ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે 'દાંડી વિરાસત પ્રોજેક્ટ' છેલ્લા ત્રણ વર્ષથી ચાલે છે. પ્રોજેક્ટ અંતર્ગત દાંડીમાં બીચ, ગાંધી સ્મારક સ્થળ, સમગ્ર ગામ રસ્તાઓ વગેરેની સફાઇ બીજા અર્થમાં સ્વચ્છતા અભિયાન ચલાવવું, રસ્તાની બંને બાજુ વૃક્ષારોપણ અને ઉછેરનું કામ. ઘેર-ઘેર કચરાપેટીઓ આપીને કચરાનું એકત્રીકરણ અને ફાળવાયેલી જમીન પર તૈયાર થયેલા શેડ પર વૈજ્ઞાનિક ધોરણે વર્ગીકરણ, ખાતરમાં પરિવર્તન કરવાનું કામ આ પ્રોજેક્ટ દ્વારા સરસ ચાલે છે. પ્રોજેક્ટમાં સમાજ વૈજ્ઞાનિક રીતે જોડાયેલા વિદ્યાપૂઠના પૂર્વ વિદ્યાર્થી ડૉ. કાળુભાઇ ડાંગર છેક વિદ્યાવાચસ્પતિ (પીએચ.ડી) સુધીનો અભ્યાસ સમાજશાસ્ત્રમાં વિકાસમાં લોકભાગીદારી વિષયમાં કરેલો છે. આ ભાઇની દિનચર્યા સાત દિવસ સુધી જોવા મળી.

બીચ સફાઇ પછી કાળુભાઇ નાહવા ધોવાનું પુણ્યકામ પતાવી બે એક કલાક વહીવટી કામકાજ કરે છે. અઠવાડિયામાં સરકારની વિવિધ યોજનાઓનો લાભ ગામને મળે તે હેતુથી જિલ્લાના સરકારી - અર્ધસરકારીઓને મળતા નવસારી મુકામે જાય છે. કાળુભાઇને દાંડીમાં ધુણી ધખાવી પૂરાં ત્રણ વર્ષ થયા અને તેટલાંમાં ઘેર-ઘેર શૌચાલય બનાવી ૧૦૦ ટકા શૌચાલય ધરાતવું ગામ બનાવી દીધું, સમગ્ર ગામમાં આ ભાઇની છાપ અને સુવાલ એક દાંડીના ગાંધી તરીકે થાય છે. બપોર પછી કાળુભાઇ ગામ રસ્તાની આજુબાજુ વાવેલા વૃક્ષોને પાણી પાવાનું પવિત્ર કામ કરે છે. આ ઉપરાંત પાણી બચાવવાનું કામ અને પ્રચાર પણ જોરશોરથી કરે છે. વિનયમંદિરના એક ઓરડામાં તેમનું કાર્યાલય, નિવાસ, સાધનરૂમ બધું જ ચલાવે છે. તેઓ કહે છે કે મને કંઇ સંકડાસ પડતી નથી. ડૉ. કાળુભાઇને મન કામ એજ ભક્તિ છે.

ગીતાના સુવાક્ય મુજબ કરેલું કર્મ એળે જતું નથી. એટલે પેલા બીચ પરના કાગડાઓ અને ગામનાં વૃક્ષો કે સજીવોની સેવાનું કાર્યની સુવાસ ધીમે ધીમે નવસારી જિલ્લામાં પ્રસરી રહી છે. મુંબઇથી પ્રગટ થતાં ચિત્રલેખા સાપ્તાહિકે આ કામોની નોંધ લીધી છે. કાળુભાઇને સમગ્ર કામગીરી માટે અત્યાર સુધી બે એવોર્ડ (૧) રોટરી કલબ ઓફ સુરત દ્વારા ૨૦૧૩ ના વર્ષનો સ્વચ્છતા અને પર્યાવરણીય કાર્યમાં લોકભાગીદારી સાથે કર્મ કરવાનો વોકેશનલ એવોર્ડ (૨) નવસારીની ભરતાજંલી સંસ્થાએ ૨૫ વર્ષની ઉજવણી નિમિત્તે ઊંડાણના ગામમાં ગાંધીમૂલ્યો સાથે સ્વચ્છતા પર્યાવરણની કામગીરી કરવા બદલ એક્સેલન્ટ એવોર્ડ પ્રાપ્ત થયા છે.

મમ